**પર્યાવરણ બાદ હવે રોજગારીનું નિકંદન : પરપ્રાંતિય મજૂરોની ભરતી**

# ટુંડાવની કેમિકલ કંપનીઓ દ્વારા સ્થાનિક શ્રમિકોની હકાલપટ્ટી કરતાં રોષ ભભૂક્યો!

**કંપનીની** અંદર ચાલતા પાપની પોલ બહાર ન આવે તે માટે સ્થાનિકોની હકાલપટ્ટી

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ટુંડાવ ગામમાં પ્રદૂષણ ફેલાવીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી કેમિકલ કંપનીઓ હવે દાદાગીરી અને ધમકીઓ પર ઉતરી આવી છે. પહેલાં ટુંડાવની હવા ઝેરી બનાવી, પછી ભૂગર્ભ જળમાં કેમિકલ ભેળવ્યું, ખેતરોને બંજર બનાવ્યા અને હવે ગામના ગરીબ યુવાનોના મોંમાંથી રોજીરોટીનો કોળિયો પણ છીનવી લીધો છે. સરકારનો સ્પષ્ટ નિયમ છે કે સ્થાનિક ઉદ્યોગોમાં જે-તે વિસ્તારના સ્થાનિક લોકોને પ્રથમ પસંદગી આપવી, પરંતુ ટુંડાવની કંપનીઓએ આ નિયમોને કચરાપેટીમાં નાખી દીધા છે. ગામના જ જાગૃત યુવાનો અને શ્રમિકોને નોકરીમાંથી હાંકી કાઢીને, તેમની જગ્યાએ અન્ય જિલ્લા અને બહારના રાજ્યોના પરપ્રાંતિય મજૂરોને ગોઠવી દેવાનું એક બહુ મોટું કાવતરું સામે આવ્યું છે.




સ્થાનિક ગ્રામજનો અને કંપનીમાં અગાઉ કામ કરી ચૂકેલા વર્કરોના જણાવ્યા અનુસાર, કંપનીઓ દ્વારા સાંજ પડતાં જ અથવા મોડી રાત્રે કોઈને ખબર ન પડે તે રીતે ચિમ્નીઓમાંથી અત્યંત ઝેરી અને દૂષિત ગેસ હવામાં છોડવામાં આવે છે. આ ઝેરી ગેસના કારણે આખું ગામ ગૂંગળામણ અનુભવે છે. કંપનીમાં જ કામ કરતા ટુંડાવ ગામના વતની એવા કામદારો જ્યારે આ બાબતે કંપની મેનેજમેન્ટ સામે વિરોધ કરતા અને માનવતાના નાતે સવાલો પૂછતા, ત્યારે મેનેજમેન્ટ પોતાની ભૂલ સુધારવાને બદલે ઉશ્કેરાઈ જતું હતું. પોતાની મનમાની ચાલુ રાખવા અને કંપની વિરુદ્ધ ગામમાં કોઈ અવાજ ન ઉઠે તે માટે મેનેજમેન્ટે સ્થાનિક વર્કરોને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું અને ટૂંકા જ સમયમાં અસંખ્ય સ્થાનિક યુવાનોને નોકરીમાંથી કાઢી મૂક્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકોને નોકરીમાંથી હાંકી કાઢવા પાછળ કંપનીઓનો એક અત્યંત શંકાસ્પદ અને ભેદભર્યો હેતુ છે. ગામના લોકો જો કંપનીની અંદર કામ કરતા હોય, તો કંપની ક્યારે, કેવી રીતે અને કેટલું ઝેરી કેમિકલ ક્યાં ઠાલવે છે અથવા કયો ઝેરી ગેસ છોડે છે તેની તમામ વિગતો ગામમાં લીક થઈ જતી હતી. કંપનીની અંદર કેવા ખોટા કામો ચાલે છે તેની સ્થાનિકોને પાકે-પાકી ખબર ન પડે અને કંપની સામે કોઈ કાનૂની પુરાવા ઊભા ન થાય, તે માટે જ સ્થાનિકોને જાણીજોઈને બહારનો રસ્તો બતાવી દેવાયો છે. તેમની જગ્યાએ બહારના રાજ્યોમાંથી એવા શ્રમિકો લાવવામાં આવ્યા છે જેઓ મૂંગા મોઢે અત્યાચાર સહન કરે, સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી અજાણ હોય અને કંપનીના પાપ સામે ક્યારેય મોં ન ખોલી શકે. પોતાની જ જમીન પર ફેક્ટરીઓ નંખાવા દીધા બાદ આજે ટુંડાવના યુવાનો બેરોજગાર બનીને ભટકી રહ્યા છે. આટલું ઓછું હોય તેમ, જો કોઈ હકાલપટ્ટી થયેલો વર્કર કે ગામનો રહીશ ન્યાય માંગવા કંપનીના ગેઈટ પર જાય છે, તો કંપનીનું મેનેજમેન્ટ અને સિક્યોરિટી સ્ટાફ તંત્રની વગ વાપરીને તેમને પોલીસ કેસ કરવાની અને જેલ ભેગા કરવાની ધમકીઓ આપી રહ્યા છે. એક તરફ પ્રદૂષણના કારણે ઘરે-ઘરે ચર્મરોગ, શ્વાસની તકલીફ અને કેન્સર જેવી ગંભીર બીમારીઓની દવાઓનો મોટો ખર્ચ આવી પડ્યો છે, અને બીજી તરફ કમાતા યુવાનોની નોકરીઓ છીનવાઈ જતાં ટુંડાવના અનેક પરિવારો આર્થિક રીતે તબાહ થઈ ગયા છે અને ભૂખમરાના આરે આવીને ઊભા છે.



### રોજીરોટી છીનવી લીધી!

અમે કંપનીમાં કામ કરતા હતા ત્યારે રાત્રે જે ઝેરી ગેસ છોડાતો એનાથી અમારા પરિવારના છોકરાઓ બીમાર પડતા. મેં જ્યારે સાહેબોને કીધું કે આવું ઝેર ના છોડો, ગામ આખું હેરાન થાય છે, તો મને દીધું કે 'કાલથી નોકરી પર આવતો નહીં'. જમીન, અમારું પાણી બગાડ્યું અને નોકરીઓ બહારના લોકોને આપી દીધી. કંપની વાળા અમને ધમકીઓ આપે છે કે જો બહુ બોલશો તો પોલીસમાં અંદર કરાવી દઈશું." **સ્થાનિક પીડિત યુવાન**, ટુંડાવ ગામ

### સ્થાનિકોની હકાલપટ્ટી

આ લોકોએ ગામના છોકરાઓને નોકરીમાંથી એટલા માટે કાઢી મૂક્યા છે જેથી કંપનીની અંદર જે કાળા ધોળા થાય છે એ બહાર ગામમાં કોઈને ખબર ન પડે. બહારના રાજ્યોના મજૂરોને લાવીને રાખ્યા છે જેઓ કંઈ બોલી શકતા નથી. અમારું જ વતન અને અમને જ ગુલામ બનાવી દીધા છે. જો અમારા છોકરાઓને પાછી નોકરીઓ ન મળે ઝેરી ગેસ બંધ નહીં થાય, તો અમારે ઉગ્ર આંદોલન સિવાય કોઈ રસ્તો નહીં બચે. **સ્થાનિક અગ્રણી**, ટુંડાવ

*નોંધ: ગામ લોકો કંપનીના હેરાનગતિ તેમજ પોલીસ કેસની ધમકીના કારણે નામ ન બતાવાની શરતે અમને માહિતી આપે છે*

### ૮૦% સ્થાનિકોને રોજગારીના નિયમના ધજાગરા

ગુજરાત સરકારની ઔદ્યોગિક નીતિ અનુસાર, રાજ્યમાં સ્થાપિત કોઈપણ નાના-મોટા ઉદ્યોગે શ્રમિક સ્તરે ઓછામાં ઓછા ૮૦ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવી ફરજિયાત છે. ટુંડાવની કેમિકલ કંપનીઓએ આ સરકારી પરિપત્ર અને નિયમના ખુલ્લેઆમ ધજાગરા ઉડાવ્યા છે. રોજગાર વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર આ બાબતે કંપનીઓના ચોપડા કેમ તપાસતું નથી? શું અધિકારીઓ જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે કે પછી આ લૂંટમાં તેમની પણ ભાગીદારી છે? તેવા વેધક સવાલો જનતા પૂછી રહી છે.

### એક્શન મોડમાં ઉચ્ચ તંત્ર : વન અને પર્યાવરણ સચિવ વિનોદ રાવની એન્ટ્રી, GPCB ને કડક કાર્યવાહીના આદેશ

ટુંડાવ ગામમાં કેમિકલ કંપનીઓ દ્વારા ફેલાવવામાં આવતા ભયાનક પ્રદૂષણ અને સ્થાનિક રોજગારીની લૂંટના અહેવાલો ઉચ્ચ કક્ષાએ પહોંચતા જ વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને લઈને રાજ્યના વન અને પર્યાવરણ સચિવ વિનોદ રાવે તાત્કાલિક ધોરણે આ વિષયમાં હસ્તક્ષેપ કર્યો છે. તેમણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ના સત્તાધીશોને આ અંગે સંપૂર્ણ વિગતો મેળવી, સ્થળ તપાસ કરીને કાયદાનું ઉલ્લંઘન કરતી લાલચુ કંપનીઓ સામે તાકીદે કડકમાં કડક કાનૂની અને વહીવટી પગલાં ભરવા માટે સ્પષ્ટ આદેશો જારી કર્યા છે. સચિવની આ કડક સૂચના બાદ, અત્યાર સુધી કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું સ્થાનિક તંત્ર અને પ્રદૂષણ બોર્ડના અધિકારીઓ આળસ છોડી કામે લાગવું પડશે. ગ્રામજનોમાં હવે એવી આશા જાગી છે કે સચિવના સીધા આદેશ બાદ આ ઝેર ઓકતી કંપનીઓ પર આખરે તાળાં વાગશે!

**પ્રજાના પ્રશ્નો ઉકેલવા મળેલી બેઠકમાં ખુલાસો**

# કોર્પોરેશનની વોર્ડ નં. ૧૩ની ઓફિસ જ પીવાના પાણી વિના ટળવળે છે!

(પ્રતિનિધિ) વડોદરા તા.3
વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 13માં મેયર ગીતાબેન મકવાણાની અધ્યક્ષતામાં લોકપ્રશ્નો અને વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્થાનિક કાઉન્સિલરો અને વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મેયરે જાહેર શૌચાલયનું કામ ઝડપથી પૂર્ણ કરવા, ગટરના બેસી ગયેલા ઢાંકણાં બદલવા અને પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અધિકારીઓને સૂચના આપી હતી. શ્રમિકો અને નાના ધંધાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા પર પણ ભાર મૂકાયો હતો. બેઠકમાં વોર્ડ ઓફિસમાં જ શુદ્ધ પીવાના પાણી અને વોટર કૂલરની સુવિધા ન હોવાનું સામે આવતા મેયરે તાત્કાલિક કાયમી વ્યવસ્થા કરવા આદેશ આપ્યો હતો.



### વોર્ડ નં. ૧૪ની સંકલન બેઠક મેયરની ગેરહાજરીને લીધે મોકૂફ

ગુરુવારે સાંજે સત્તાવાર કોલ કરીને તમામ કાઉન્સિલરો અને અધિકારીઓને શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે બેઠકમાં હાજર રહેવા જણાવાયું હતું. ધોધમાર વરસાદ હોવા છતાં, વિપક્ષના કાઉન્સિલરો અને તમામ વિભાગના અધિકારીઓ સમયસર વોર્ડ ઓફિસે પહોંચી ગયા હતા.જોકે, એક કલાક મેયર ના ડોકાતા મેયરે સીધો અધિકારીઓને ફોન કરીને પોતાની 'વ્યસ્તતા'નું બહાનું ધરી બેઠક મોકૂફની સૂચના આપી હતી. જેથી વિપક્ષના કાઉન્સિલરોનો પિત્તો ગયો હતો. તેમણે રોષે ભરાઈને સવાલ ઉઠાવ્યો હતો કે, "જો અમને બોલાવવા માટે ફોન કરી શકાતો હોય, તો બેઠક કેન્સલ થઈ તેની જાણ કરવાની તસ્દી તંત્રએ કેમ ના લીધી? શું લોકપ્રતિનિધિ તરીકે અમારી કોઈ ગરિમા જ નથી?" વિપક્ષે આકરા પ્રહારો કર્યા હતાં.

## દબાણ પર પાલિકાનું બુલડોઝર ફર્યું, પણ રસ્તા ક્યારે ખૂલશે ?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩
ગત શુક્રવારના રોજ ઠેર-ઠેર દબાણ હટાવ ઝુંબેશ ચલાવી રસ્તાઓ 'મોકળા' કરવાનો પ્રયાસ કર્યો હતો. પાલિકાના આજના 'સરપ્રાઈઝ ચેકિંગ'માં સુવેજ સ્ટેશન પાસે, આજવા ચોકડી અને વાઘોડિયા બ્રિજ નીચે, તુલસીવાડી અંબા માતા મંદિર પાસે, ગોલ્ડન ચોકડી અને એરપોર્ટ સર્કલ પાસેના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વોર્ડ નં. ૦૮ની ટીમને સાથે રાખી ગેંડા સર્કલથી અલકાપુરી રોડ પર બજાજ ફાઈનાન્સની સામે લાગેલી લારીઓ અને પ્લાસ્ટિકના શેડના દબાણ પણ હટાવવામાં આવ્યા હતા. સાથે જ કારેલીબાગ પોલીસ ચોકીથી હાથીખાના અને લાલ અખાડા સુધીની પથારા હટાવવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી હતી. પરંતુ ફરી સ્થિતિ જૈસે થઇ જતાં દબાણ હટાવો અભિયાન નાટક સમાન સાબિત થઇ રહ્યું છે.

**ટ્રાન્સફોર્મરમાં સ્પાર્ક સામાન્ય બન્યાં**

## ફતેપુરામાં વીજ થાંભલા પર શોર્ટ સર્કિટથી આગના તણખા ઝર્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
ફતેપુરા વિસ્તારમાં હાથીખાના પાસે ભાંડવાડા તરફ જતા માર્ગ પર આવેલા વીજ થાંભલા પર અચાનક શોર્ટ સર્કિટ થયા બાદ આગના તણખા ઝરતા સ્થાનિક દુકાનદારો અને લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. વરસાદી માહોલ વચ્ચે વીજ થાંભલા અને ટ્રાન્સફોર્મરમાં સ્પાર્ક સાથે આગ લાગવાનો બનાવ સામે આવી રહ્યા છે. ત્યારે, શહેરના ફતેપુરામાં શોર્ટ સર્કિટ થતાં જ વીજ થાંભલામાંથી આગના તણખા નીકળવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતા જ એમજીવીસીએલની ટીમ અને કુંભારવાડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. શોર્ટ સર્કિટના કારણે આસપાસના વિસ્તારમાં લાઈટ ગુલ થઈ ગઈ હતી. જીઈબીની ટીમ દ્વારા વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વરસાદની સીઝનમાં વીજ થાંભલા અને ટ્રાન્સફોર્મરમાં સ્પાર્ક થવાની ઘટનાઓ યથાવત રહેતા લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

**૪ નાના હાઇડ્રો જેટિંગ મશીનની ખરીદી કરાશે**

# શહેરની સાંકડી પોળોમાં હવે ગટર ઓવરફ્લોની સમસ્યા ભૂતકાળ થશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
શહેરના જૂના અને ઐતિહાસિક વિસ્તારોમાં આવેલી સાંકડી ગલીઓ તેમજ પોળોમાં ડ્રેનેજ સફાઈની વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે.

કોર્પોરેશન વહીવટી તંત્ર દ્વારા શહેરના સાંકડા રસ્તાઓ અને ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનોની સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવા માટે આશરે રૂ. ૧.૩૫ કરોડના ખર્ચે ચાર નવા નાના હાઈડ્રો જેટિંગ મશીનો ખરીદવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ અંગેની સત્તાવાર દરખાસ્ત કોર્પોરેશનની સ્થાયી સમિતિ સમક્ષ અંતિમ મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે, જેને મંજૂરી મળતા જ ખરીદી પ્રક્રિયાને વેગ અપાશે. વડોદરાના ખાસ કરીને મધ્ય અને પૂર્વ ઝોન સહિતના વિસ્તારોમાં આવેલી પરંપરાગત પોળોમાં રસ્તા અત્યંત સાંકડા હોવાથી સામાન્ય દિવસોમાં જ્યારે ગટર ચોકઅપ થવાની કે લાઈનો ઉભરાવાની સમસ્યા સર્જાય છે, ત્યારે કોર્પોરેશનના મોટા જેટિંગ મશીનો ત્યાં પહોંચી શકતા નથી. પરિણામે સ્થાનિક રહીશોને દિવસો સુધી ભારે દુર્ગંધ અને ગંદકીનો સામનો કરવો પડે છે.

જેનાથી રોગચાળો ફેલાવવાનો ભય પણ રહે છે. આ જટિલ ભૌગોલિક પરિસ્થિતિ અને જનસુખાકારીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા નાના કદના અને સાંકડી ગલીઓમાં સરળતાથી પ્રવેશી શકે તેવા અત્યાધુનિક ચાર જેટિંગ મશીન વસાવવાનું આયોજન કરાયું છે.

આ નવા મશીનો આવવાથી કોર્પોરેશનની સફાઈ ક્ષમતામાં મોટો વધારો થશે. હાઈ-પ્રેશર વોટર જેટિંગ સિસ્ટમથી સજ્જ આ વાહનો ગમે તેવા સાંકડા વળાંકોમાં જઈને ડ્રેનેજ લાઈનમાં જમા થયેલો કચરો અને અન્ય અવરોધોને ગણતરીની મિનિટોમાં સાફ કરી શકશે.

વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, આ મશીનોની ખરીદી બાદ શહેરના હાર્દ સમાન ગણાતા જૂના વડોદરાના વિસ્તારોમાં ડ્રેનેજ ઓવરફ્લો થવાની ફરિયાદોનો ત્વરિત નિકાલ લાવી શકાશે. ચોમાસા દરમિયાન તેમજ તહેવારોના દિવસોમાં આ મશીનો સ્થાનિક તંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને નાગરિકોને ગંદકીમાંથી મોટી રાહત મળશે.

**શ્વાન પાછળ પડતા શાહુડીએ સુરક્ષા માટે કાંટા ફેંક્યા**

# કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં શાહુડી ઘૂસતા કુતુહલ સર્જાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
વડોદરાના કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં મોડી રાત્રે અચાનક વન્ય જીવ શાહુડી ઘૂસી આવતા પોલીસ કર્મચારીઓ સહિત હાજર લોકોમાં કુતૂહલ સાથે દોડધામ મચી ગઈ હતી. સમગ્ર ઘટના ચર્ચાનો વિષય બની હતી. વડોદરા શહેરમાં હવે ધીમે ધીમે વરસાદી માહોલ જામી રહ્યો છે. ત્યારે રહેણાક વિસ્તારોમાં વન્ય જીવો અને ખાસ કરીને જળચર જીવો નીકળવાનો દોર હવે શરૂ થઈ ગયો છે. ખાસ કરીને મગરો રહેણાંક વિસ્તારમાં આવી જતા હોય છે. જ્યારે શહેરમાં કેટલાક વિસ્તારોમાં શાહુડી પણ આવી જતી હોય છે.

ગત મોડી રાત્રે શાહુડી શહેરના કારેલીબાગ જૂના એસઓજી પોલીસ સ્ટેશન તરફથી નીકળીને કારેલીબાગ પોલીસ સ્ટેશનના પરિસરમાં પહોંચી હતી. અચાનક શાહુડી દેખાતા



લોકોના ટોળા તેને જોવા ઉમટી પડ્યા હતા. દરમિયાન શાહુડી ત્યાંથી નજીકમાં આવેલી એક સોસાયટીમાં પણ પ્રવેશી હતી. જ્યાં શ્વાન તેની પાછળ પડતા શાહુડીએ પોતાનું સુરક્ષા શસ્ત્ર એટલે કે કાંટા છોડ્યા હોવાનું જાણવા મળ્યું છે. બાદમાં શાહુડીને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**પરદેશી ફળિયામાં પાણીની વિકટ સમસ્યા : મેયર ગીતાબેને ઓનલાઇન ફરિયાદનો રાગ આલાપ્યો**

# મેયરના વોર્ડમાં જ સુવિધાઓનો દુકાળ તો વડોદરાના અન્ય વિસ્તારો ભગવાન ભરોસે?

**સ્થાનિકોએ** રજૂઆતના પુરાવા સાથે આક્ષેપો કરતાં મેયરે અધિકારીઓને દોડાવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
વડોદરા શહેરમાં સ્માર્ટ સિટી અને વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે પીવાના પાણીની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર બની રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે શહેરના વોર્ડ નંબર ૧૩માં આવેલા પરદેશી ફળિયા વિસ્તારમાં પાણીની વિકટ સમસ્યા સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે આ વિસ્તાર ખુદ વડોદરાના મેયર ગીતાબેન મકવાણાનો પોતાનો વોર્ડ છે. મેયરના જ વિસ્તારમાં લોકો મૂળભૂત સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા હોવાથી હવે સમગ્ર શહેરમાં વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પરદેશી ફળિયા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. અહીં ખૂબ જ ઓછા દબાણથી અને માત્ર ૧૦થી ૧૫ મિનિટ માટે જ પાણી આપવામાં આવે છે. આટલા ટૂંકા સમયમાં રોજિંદી જરૂરિયાતનું પાણી પણ પૂરું પડતું નથી, જેને કારણે સ્થાનિક મહિલાઓ અને નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



આ ગંભીર મુદ્દે જ્યારે સ્થાનિક મહિલા કાઉન્સિલર અને મેયર ગીતા મકવાણાની પ્રતિક્રિયા લેવામાં આવી, ત્યારે તેમના નિવેદનથી રાજકીય ગરમાવો આવી ગયો છે. મેયરે બચાવ પક્ષે જણાવ્યું હતું કે નાગરિકો દ્વારા આ બાબતે સત્તાવાર રીતે કોઈ ઓનલાઈન ફરિયાદ નોંધાવવામાં આવી નથી કે તંત્રને સીધી જાણ કરવામાં આવી નથી. તેમણે ઉમેર્યું કે જ્યાં સુધી નાગરિકો કયા ઘરમાં કે કયા ચોક્કસ વિસ્તારમાં સમસ્યા છે તેની સ્પષ્ટ માહિતી ન આપે, ત્યાં સુધી તંત્ર માટે ચોક્કસ કારણ સુધી પહોંચવું મુશ્કેલ બને છે. જોકે, મામલો સામે આવતા જ તેમણે અધિકારીઓને તપાસ માટે રવાના કર્યા હોવાનો દાવો કર્યો હતો.

**MGVCLના સ્માર્ટ મીટર અભિયાનને મોટી સફળતા**

# 75થી વધુ ગામોમાં 100 ટકા સ્માર્ટ મીટર સ્થાપન પૂર્ણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ના સ્માર્ટ મીટર અભિયાનને નોંધપાત્ર સફળતા મળી છે. નડિયાદ, વડોદરા, ગોધરા અને આણંદ સર્કલના 75થી વધુ ગામોમાં 100 ટકા સ્માર્ટ મીટર સ્થાપન પૂર્ણ થયું છે. આ સાથે સમગ્ર MGVCL વિસ્તારમાં 14.50 લાખથી વધુ અને ગુજરાતભરમાં 50 લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત થયા છે, જેના કારણે વીજ વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક, ડિજિટલ અને ગ્રાહક કેન્દ્રિત બની રહી છે. સ્માર્ટ મીટરથી ગ્રાહકોને રિયલ-ટાઈમ વીજ વપરાશની માહિતી, ઓનલાઈન રિચાર્જ, ડિજિટલ ચુકવણી, દૈનિક અને માસિક વપરાશનું વિશ્લેષણ, ઝડપી ફરિયાદ નિવારણ તેમજ વીજ વપરાશ પર વધુ નિયંત્રણ જેવી સુવિધાઓ મળી રહી છે. સાથે જ વીજચોરી અને ટેક્નિકલ લોસ



ઘટાડવામાં પણ મદદ મળી રહી છે. MGVCLના Time of Day (ToD) ટેરિફ હેઠળ સવારે 11થી સાંજે 5 વાગ્યા દરમિયાન વીજ વપરાશ કરનાર ગ્રાહકોને પ્રતિ યુનિટ 60 પૈસાની છૂટ મળે છે, જ્યારે પ્રીપેઈડ સ્માર્ટ મીટર ધારકોને એનર્જી ચાર્જીસ પર 3 ટકા વધારાની છૂટ આપવામાં આવે છે. ઉપરાંત MGVCL Smart Meter App દ્વારા રિચાર્જ, બિલ, લાઈવ વીજ વપરાશ, બેલેન્સ, એલર્ટ અને ફરિયાદ સહિતની તમામ સેવાઓ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ હોવાથી ગ્રાહકોને વધુ સરળ અને આધુનિક સેવા મળી રહી છે.

**દૈનિક રૂ. 200 વ્યાજ વસૂલ્યા બાદ પણ વધુ નાણાંની માંગણી**

# વ્યાજખોરે રૂ. ૧૯ હજારની સામે રૂા.૭૦ હજારનો ચેક ભરી કેસ કર્યો

**મારઝુડ, જાનથી** મારી નાખવાની ધમકી અને કોરા ચેકનો દુરુપયોગનો આક્ષેપ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
વડોદરાના માણેજા વિસ્તારમાં રહેતા એક ઓટો રિક્ષા ચાલકે વ્યાજખોરીનો ગંભીર આક્ષેપ કરતાં ફતેપુરા વિસ્તારમાં રહેતા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ પિતાની સારવાર માટે રૂ. 20 હજારની જરૂરિયાત હોવાથી લીધેલી રકમ સામે દૈનિક વ્યાજ ચૂકવવા છતાં વધુ નાણાંની માંગણી કરવામાં આવી હતી. એટલું જ નહીં, કોરા ચેકમાં રૂ. 70 હજારની રકમ ભરી ચેક બાઉન્સ કરાવી કોર્ટમાં કેસ પણ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. માણેજા વિસ્તારમાં રહેતા અને ઓટો રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા જયેશ અજયભાઈ રાજપુતે વર્ષ 2025માં તેમના પિતાને અકસ્માત થતાં સારવાર પાછળ આશરે રૂ. 50 હજારનું દેવું થઈ ગયું હતું. આર્થિક સંકટને કારણે તેમણે પિતાના મિત્ર સિકંદરભાઈનો સંપર્ક કર્યો હતો.

સિકંદરભાઈએ તેમને ફતેહપુરા વિસ્તારમાં રહેતા હનીફ અબ્દુલ શેખ સાથે મુલાકાત કરાવી હતી. આરોપ છે કે હનીફે રૂ. 20 હજારની લોન સામે રૂ. એક હજાર લખાણના નામે કાપી માત્ર રૂ. 19 હજાર આપ્યા હતા અને મૂડી પરત ન થાય ત્યાં સુધી દૈનિક રૂ. 200 વ્યાજ ચૂકવવાની શરત મૂકી હતી. ત્યારબાદ તેમની પાસે કેટલાક દસ્તાવેજો પર સહી કરાવવામાં આવી હતી. ચાલક અભણ હોવાથી દસ્તાવેજમાં શું લખ્યું હતું તેની જાણ નહોતી. ઉપરાંત બેંક ઓફ બરોડાનો કોરો ચેક અને ઓટો રિક્ષાની ઓરિજિનલ આર.સી. બુક પણ લઈ લેવામાં આવી હતી.

ગૂગલ પે મારફતે દૈનિક વ્યાજ ચૂકવતા રૂ. 19,500 જેટલી રકમ ઓનલાઈન ચૂકવી દીધી હતી. તેમ છતાં આરોપી વધુ નાણાં અને વ્યાજની માંગણી કરતો રહ્યો હતો. એક પ્રસંગે માણેજા ક્રોસિંગ નજીક બોલાવી ગાળો આપી મારપીટ કરી અને ફરી રિક્ષા સ્ટેન્ડ પર દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાત આરોપીએ તેમની પાસેથી લીધેલા કોરા ચેકમાં રૂ. 70 હજારની રકમ ભરી ચેક બાઉન્સ કરાવ્યો અને ત્યારબાદ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 હેઠળ કોર્ટમાં કાર્યવાહી શરૂ કરી હતી. આક્ષેપ છે કે આરોપી પાસે નાણાં ધીરધાર કરવાનો કોઈ કાયદેસર લાયસન્સ પણ નથી. સમગ્ર મામલે પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## અકોટામાં સ્મશાન પાસે ગાંજા સાથે યુવક ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં સ્મશાન નજીક અકોટા પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી 25 વર્ષીય યુવકને 70 ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ગાંજો, રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂ.4,300નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો સુરતમાંથી લાવવામાં આવ્યો હોવાનું સામે આવતા સપ્લાય ચેઈન સુધી પહોંચવા પોલીસે તપાસનો દોર વિસ્તાર્યો છે. અકોટા પોલીસની ટીમ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે સ્મશાન નજીક એક યુવક ગાંજાનું વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. તેના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા સ્થળ પરથી વિશાલ બીપીનભાઈ કહાર (ઉં.વ. 25), રહે. સ્મશાન સામે, ઝૂંપડપટ્ટી, અકોટા, વડોદરાને ઝડપી પાડ્યો હતો.

**પિતાને માતાએ રંગે હાથ ઝડપી પાડ્યો હતો**

# સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનાર પિતાના બે દિવસના રિમાન્ડ મંજૂર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
ડેસર તાલુકાના એક ગામમાં સગીર 13 વર્ષની પોતાની જ દીકરીના મોઢામાં ડૂચો મારીને દુષ્કર્મ ગુજારનાર પિતાની ધરપકડ કરી પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ મામલે પોલીસ રિમાન્ડ દરમિયાન દુષ્કર્મી પિતા કેટલા સમયથી પુત્રી પર દુષ્કર્મ ગુજારતો હતો સહિતના મુદ્દે સવાલો પૂછશે.

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાં સગીર પુત્રી અને નાનો પુત્ર હાજર હતા. રાત્રે મહિલાએ મધરાતે મહિલા પોતાની બહેન સાથે બાળકોને લેવા ઘરે પરત ફરી હતી. ઘરમાં પ્રવેશતા જ મહિલાએ પોતાના પતિને સગીર પુત્રી પર દુષ્કર્મ આચરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. માતા અને માસીને જોઈ આરોપી ઉતાવળમાં કપડાં પહેરી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. દીકરીના મોઢામાં કપડાનો ડૂચો ભરેલો હતો. બાળકીને સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવી હતી. ત્યારબાદ સગીરે માતા અને માસીને જણાવ્યું હતું કે તેના પિતાએ જબરદસ્તી તેના કપડાં ઉતરાવી તેના પર દુષ્કર્મ આચર્યું હતું અને વિરોધ ન કરી શકે તે માટે તેના મોઢામાં કપડાનો ડૂચો ભરી દીધો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ફરાર આરોપીની શોધખોળ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીનું મેડિકલ પરીક્ષણ કરાવ્યા બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે ચાર દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જોકે કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સમગ્ર મામલે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નરાધમ પિતાની આ હરકતથી સમગ્ર વિસ્તારમાં પિતા વિરુદ્ધ ફિટકારની લાગણી વ્યાપી ગઈ છે.